ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી**

તા:૨૭/૦૪/૨૦૧૬

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**

.............................................,
**ભાવનગર.**

## વિદ્યાર્થીઓ માટે થયેલ સમર કેમ્પનું
## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આયોજન

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર છેલ્લા ૧૪ વર્ષથી ભાવનગર શહેર તથા જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓ, કોલેજો, વિવિધ મહિલામંડળો તથા ખેડુતો માટે અનેક વિધ કાર્યક્રમો દ્વારા વિકસતા વિજ્ઞાનની સમજુતિ સાથે વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તેવા સતત પ્રયત્નો કરી રહયું છે.

વિદ્યાર્થીઓ વેકેશનના સમયનો સદઉપયોગ કરે, તેમજ તેઓમાં ક્રિયાત્મક કૌશલ્યનો વિકાસ થાય અને તેઓમાં રહેલી રચનાત્મક શકિત ખીલે તેવા હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ગોલ્ડન ટુમોરો પ્રાથમિક શાળા,ભરતનગર, સી. પી. સ્કુલ, કાળિયાબીડ, અને સરદાર પટેલ પ્રાથમિક શાળા નં. ૫૯, શાસ્ત્રીનગર ખાતે તા.૧૮ એપ્રિલ,૨૦૧૬ થી તા.૨૭ એપ્રિલ,૨૦૧૬ સુધી વેકેશનના સમય દરમિયાન વિવિધ વિષયો આધારિત વેકેશન વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં પાંચ દિવસ દરમિયાન દરરોજ અલગ અલગ પ્રવૃતિઓ જેમ કે જ્ઞાન સાથે ગમ્મતમાં વિવિધ વૈજ્ઞાનીક રમકડાં, ચાલો અવકાશની સફરે કાર્યક્રમમાં અવકાશીય સંસ્થાઓ વિશે વીસ્તૃત માહિતી તેમજ અવકાશને લગતા વિવિધ મોડેલ, સ્વાવલંબન શિબિર, વૈજ્ઞાનીક રમતો, મેકીગ ઓફ મેથ્સ મોડેલ, પ્રશ્નોત્તરી, વૈજ્ઞાનીક ફિલ્મ શો વગેરે રસપ્રદ પ્રવૃતિઓ કરાવવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકોએ પૂરતો સહકાર આપેલ. ત્રણેય શાળાનાં કુલ મળીને ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓએ આ વેકેશન વર્કશોપમાં ઉત્સાહ પુર્વક ભાગ લીધો હતો

એમ. જોષી
(~~હર્ષદ~~ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.